પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ, અમદાવાદ
વિશેષશાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦
Email:Spl1-ahd@gujarat.gov.in

## :- જાહેરનામું -:

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ.**

**નંબર/વિ.શા/ એ-સેક્શન/પરમીટ/પરીક્ષા/ ૪૦ /૨૦૨૫. તા.૧૮/૦૩/૨૦૨૫.**

વંચાણે લીધા:- (૧) જિલ્લા ચીફ કો-ઓર્ડીનેટર અને નિવાસી અધિક કલેકટરશ્રી,અમદાવાદ શહેરની કચેરીના પત્ર ક્રમાંક નં.એક્ઝામ સેલ/GSSSB/વર્ગ-૩/પરીક્ષા/જાહેરનામું/વશી.૧૨૭૧/૨૦૨૫તા.૧૫/૦૩/૨૦૨૫ આધારે તથા,

(૨) જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,અમદાવાદ શહેર વિસ્તારના પત્ર ક્રમાંક:જિશિઅ/પરીક્ષા/૨૦૨૫/ ૯૩૮-૪૧ તા.૧૩/૦૩/૨૦૨૫ આધારે તથા,

(૩) નિવાસી અધિક કલેકટરશ્રી,અમદાવાદ શહેરની કચેરીના પત્ર ક્રમાંક નં.એક્ઝામ સેલ/અન્ય પરીક્ષા/જાહેરનામું/વશી.૧૨૮૧/૨૦૨૫ તા.૧૫/૦૩/૨૦૨૫ આધારે તથા,

(૪) જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,અમદાવાદ શહેર વિસ્તારના પત્ર ક્રમાંક:જિશિઅ/બોર્ડ/૨૦૨૫/ ૯૬૪-૯૬૭ તા.૧૨/૦૩/૨૦૨૫ આધારે તથા,

(૫) નિવાસી અધિક કલેકટરશ્રી,અમદાવાદ શહેરની કચેરીના પત્ર ક્રમાંક નં.એક્ઝામ સેલ/Gujcet-2025/પરીક્ષા/જાહેરનામું/વશી.૨૪૬/૨૦૨૫ તા.૧૫/૦૩/૨૦૨૫ આધારે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા સંશોધન મદદનીશ તથા આંકડા મદદનીશ વર્ગ-૩ ની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા તા.૨૦/૦૩/૨૦૨૫ ના કલાક ૧૫/૦૦ થી કલાક ૧૮/૦૦ દરમ્યાન તથા રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) ની પરીક્ષા તા.૨૨/૦૩/૨૦૨૫ ના કલાક ૧૧/૦૦ થી કલાક ૧૩/30 દરમ્યાન તથા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર દ્વારા ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ) ની પરીક્ષા તા.૨૩/૦૩/૨૦૨૫ ના કલાક ૧૦/૦૦ થી કલાક ૧૬/૦૦ દરમ્યાન અમદાવાદ શહેરના જુદા-જુદા પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે.

આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે અને પરીક્ષાર્થીઓ/ઉમેદવારો શાંતચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઇ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઇ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું જી. એસ. મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./ ૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા. ૦૭/ ૦૧/ ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને સુપ્રિ.ઓફ પોલીસ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-:પ્રતિબંધિત વિસ્તાર:-

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર.

(૨) ઝેરોક્ષ સેન્ટર/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ એક કિલોમીટરની ત્રિજ્યાનો વિસ્તાર.

-:પ્રતિબંધિત કૃત્યો:-

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર.

(3) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર.

(૪) પરીક્ષા સ્થળ પર સક્ષમ અધિકારી સિવાયના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ મોબાઇલ અને અન્ય ઇલેક્ટ્રોનીક /વિજાણુ ઉપકરણ લઇ જવા પર.

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર.

(૬) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવુ કોઇપણ સાધન કે અનઅધિકૃત લેખન સામગ્રી લઇ જવા પર.

(૭) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ના વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર.

(૮) પરીક્ષા સ્થળે કોઇપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા ઉપર.

-:અપવાદ:-

આ હુકમ ફરજ પરના પોલીસદળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુસંધાને ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહી.

-:સમયગાળો:-

આ હુકમ સંશોધન મદદનીશ તથા આંકડા મદદનીશ વર્ગ-૩ ની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષામાટે તા.૨૦/૦૩/૨૦૨૫ ના કલાક ૧૩/૦૦ થી કલાક ૨૦/૦૦ સુધી તથા કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) ની પરીક્ષા માટે તા.૨૨/૦૩/૨૦૨૫ ના કલાક ૦૯/૦૦ થી કલાક ૧૭/૩૦ સુધી તથા ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ) ની પરીક્ષા તા.૨૩/૦૩/૨૦૨૫ ના કલાક ૦૮/૦૦ થી કલાક ૧૮/૦૦ સુધી અમલમાં રહેશે.

-:શિક્ષા:-

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

-:જાહેર વિજ્ઞાપન:-

હુ આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટ્સ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ- ૧૮ /૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

(જી.એસ.મલિક)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

સવિનય નકલ રવાના:

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (ઇન્ટે), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૪) મ્યુનિસીપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.

(૫) કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અમદાવાદ.

(૬) નિયામકશ્રી, માહિતી વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૭) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.

(૮) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવીલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ.

(૯) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર(ગ્રામ્ય), અમદાવાદ.

(૧૦) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૧) અધિક / સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફિક, વહીવટ, મુખ્ય મથક, સેકટર-૨ અમદાવાદ શહેર.

(૧૨) અધિક / સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૧, ક્રાઇમ બ્રાંચ અમદાવાદ શહેર.

(૧૩) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.

(૧૪) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઇન્ટે), અમદાવાદ શહેર.

(૧૫) નોડલ અધિકારીશ્રી અને નાયબ પોલીસ કમિશ્નરશ્રી કંટ્રોલ રૂમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૧૬) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ, વડોદરા તરફ ગેજેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી.

(૧૭) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેસન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર.

(૧૮) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવા સારૂ.)

(૧૯) પોલીસ ઇન્સપેકટરશ્રી, તમામ પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર, (જાહેર જગ્યાઓએ નકલો ચોટાડી જાહેરાત કરાવવા સારૂ.)

(૨૦) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (શહેર), જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, બ્લોક-એ, પ્રથમ માળ, બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ.

(૨૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (ગ્રામ્ય) જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, ભોયતળીયે બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ.

(૨૨) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૩) ના.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)